# SARDAR PATEL UNIVERSITY

NACC Accredited with "A" (10/01/2023 to 09/01/2028)

## CAREER DEVELOPMENT CENTRE

Opp. Sardar Patel University,
Basement of Computer Centre, Vallabh Vidyanagar- 388 120

Email: spucdc@spuvvn.edu Mo.: +91- 90813 23888


પીએમ-उषा PM-UShA

તારીખ : 19/03/2024

સાદર રજૂઆત...

C.D.C જાહેરાત ક્રમાંક 05/2024-25 GPSC CLASS 1&2/STATE TAX INSPECTOR CLASS-3 સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો માટે 1 બેચ દીઠ 100 વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે OFFLINE (રૂબરૂ) ફોર્મ મંગાવવામાં આવે છે.

આ માટે વિદ્યાર્થીઓએ https://www.spuvvn.edu/students_corner/career-development-centre/ વેબ સાઇટ પર થી "Application Form for CDC 05/2024-25 GPSC CLASS 1&2/STATE TAX INSPECTOR CLASS-3" પ્રિન્ટ કરી વિગતો ભર્યા બાદ <u>તારીખ- 01/04/2024 (સવારે 10:00 કલાક) થી 20/04/2024 (સાંજે 4:00 કલાક)</u> દરમિયાન જરૂરી ડોક્યુમેન્ટની નકલ સહિત ફોર્મ કેરિયર ડેવલોપમેન્ટ સેન્ટર ખાતે જમા કરવાના રહશે. પસંદગી પ્રક્રિયા પ્રવેશ પરીક્ષાના આધારે તૈયાર કરાયેલ મેરીટ પ્રમાણે થશે.

જે વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરે છે તેઓએ ડિપોઝિટ પેટે રૂપિયા 2000/-(બે હજાર) ભરવાના રહશે.

<u>જે વિદ્યાર્થિઓની હાજરી સંપૂર્ણ તાલીમ વર્ગ પૂર્ણ થયા બાદ 80% કે તેથી વધુ હશે તેઓને જ ડિપોઝિટ પરત મળવાપાત્ર રેહશે તેમજ 80%થી ઓછી હાજરીવાળા વિદ્યાર્થીઓની ડિપોઝિટ કોઈપણ સંજોગોમાં પરત મળશે નહીં</u>.

<u>તાલીમ વર્ગની નિર્ધારિત સંખ્યાના 20% જેટલા વિદ્યાર્થીઓની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.</u>

તાલીમ વર્ગના નોટિફિકેશનમાં નિર્દેશિત બાબતો, પ્રવેશ ફોર્મમાં નિર્દેશિત નિયમો કે અન્ય કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખાલી પડવાની સ્થિતિમાં મેરિટના આધારે વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે, જે ત્યારબાદ ડિપોઝિટ પેટે રૂપિયા 2000/- (બે હજાર) ભરી પ્રવેશ મેળવી શકશે.

<u>CDC જાહેરાત ક્રમાંક 05/2024-25 પ્રવેશ પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ: -</u>

| ક્રમ | વિગત | માસ/તારીખ/સમય |
|---|---|---|
| 1 | પ્રવેશ પરીક્ષાની સંભવિત તારીખ | 12/05/2024(10:00AM to 11:30AM) |
| 2 | પ્રવેશ પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનો સંભવિત માસ | જૂન 2024 |

| | | |
|---|---|---|
| 3 | ડિપોઝિટ ભરવાનો સમયગાળો | પરિણામ જાહેર થયા પછીના 5 કામના દિવસો |
| 4 | તાલીમ વર્ગો શરૂ થવાનો સંભવિત માસ | જૂન 2024 |
| 5 | તાલીમ વર્ગનો સમય | 3:00 થી 5:00 |

**નોંધ: ઉપરોકત કાર્યક્રમની તારીખ/માસ/સમય સંભવિત છે. તેમા વહીવટી કે કોઈ અન્ય આકસ્મિક કારણોસર બદલાવ થઈ શકે છે.**

**C.D.C GPSC CLASS-1&2/STATE TAX INSPECTOR CLASS-3 તાલીમ વર્ગો માટેની શૈક્ષણિક લાયકાત: -**

- કોઈપણ વિદ્યાર્થી કે જે સ્નાતકના અંતિમ વર્ષમાં હોય અથવા સ્નાતકની પદવી પ્રાપ્તિ કરી લીધી હોય.
- ઉમેદવાર ભારતની સાંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી એક્ટ 1956 ના સેક્સન-3 હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલી બીજી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

**C.D.C GPSC CLASS-1&2/STATE TAX INSPECTOR CLASS-3 તાલીમ વર્ગ માટે વિદ્યાર્થીએ ફોર્મ સાથે આપવાના જરૂરી પ્રમાણપત્રોની નકલ: -**

- શાળા છોડ્યાનું પ્રમાણ પત્ર
- આધાર કાર્ડ
- છેલ્લા સેમિસ્ટરની માર્કશીટ
- સ્નાતક ડિગ્રી પ્રમાણપત્ર
- 1 પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (Latest)
- દિવ્યાંગ વિદ્યાર્થીના સંદર્ભમાં સરકાર માન્ય દિવ્યાંગતાનું પ્રમાણપત્ર

**પ્રવેશ પરીક્ષાની પદ્ધતિ:-**

- પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના હશે.
- પ્રશ્ન પત્ર 100 ગુણનું રેહશે. જેમાં 100 પ્રશ્ન રેહશે.
- વિદ્યાર્થીએ પ્રશ્નપત્રમાં જ ઉત્તર આપવાના રેહશે જેમાં, દરેક પ્રશ્નના ઉત્તરમાં A, B, C ,D વિકલ્પો આપેલ હશે, તેની સાથે E વિકલ્પ પણ આપેલ હશે. જે પૈકી "E" વિકલ્પ "NOT ATTEMPTED" અંગેનો રેહશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તે "E" વિકલ્પ પસંદ કરી શકશે, અને "NOT ATTEMPTED" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી સંબંધિત પ્રશ્નના ઉત્તર માટે આપેલ A, B, C, D, કે E ના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક એટલેકે એનકોડ કરવાનું રેહશે.
- પ્રત્યેક સાચા ઉત્તર માટે 1 ગુણ મળશે.
- પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એકપણ વિકલ્પ એનકોડ નહીં કરવાના

કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના 1/3 ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલેકે ખોટા જવાબો માટે નેગેટિવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રેહશે.

પ્રવેશ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ: -

| ક્રમ | વિષય | ગુણભાર |
|---|---|---|
| 1 | ભારત અને ગુજરાતનો ઇતિહાસ | 35 |
| 2 | ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો | |
| 3 | ભારતનું બંધારણ અને રાજ્ય વ્યવસ્થા | |
| 4 | ગાણિતિક અને તાર્કિક ક્ષમતા | 20 |
| 5 | વિજ્ઞાન અને ટેકનોલોજી | 35 |
| 6 | ભારત અને ગુજરાતનું ભૂગોળ | |
| 7 | ભારતીય અર્થતંત્ર અને આયોજન | |
| 8 | પ્રાદેશિક,રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ (માર્ચ-એપ્રિલ-મે-2024) | 10 |
| | કુલ ગુણ | 100 |

C.D.C 05/2024-25 GPSC CLASS-1&2/STATE TAX INSPECTOR CLASS-3 તાલીમ વર્ગોના એડમિશન માટેનો મુસદ્દો મંજૂરી અર્થે રજૂ.

ના.કુલસચિવશ્રી    કા. મુ.હિસાબી અધિકારીશ્રી    કુલસચિવશ્રી    કુલપતિશ્રી